# શહેરમાં આજે આઈ કેન ચિલ્ડ્રન્સ ગ્લોબલ સમિટ યોજાશે

નવગુજરાત સમય > અમદાવાદ

અમદાવાદ શહેર બાળકો દ્વારા બાળકો માટેની સૌથી મોટી ગ્લોબલ સમિટ યોજવા સજ્જ બન્યું છે. આઈ કેન ચિલ્ડ્રન્સ ગ્લોબલ સમિટ (આઈસીસીજીએસ)નો 2 ડિસેમ્બરે પ્રારંભ કરાયો હતો અને 3 ડિસેમ્બરે પણ સમિટમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. આ નવતર પ્રકારની સમિટ 'સ્થાનિક પરિવર્તન વડે વૈશ્વિક અસર' ના સૂત્રને સાકાર કરીને બાળકોની શક્તિને સમર્પિત કરાઈ છે. ડિઝાઈન ફોર ચેન્જ દ્વારા આયોજિત આ ચળવળનાં મૂળ કિરણ બીર શેઠીના વિઝનરી નેતૃત્વ હેઠળ 2009માં રિવરસાઈડ સ્કૂલમાં નખાયાં હતા. આઈસીજીએસ તેના વૈશ્વિક વ્યાપને કારણે જાણીતું છે અને હવે તે 70થી વધુ દેશ સુધી વિસ્તાર થયો છે. આ સમિટ 39 દેશનું પ્રતિનિધિત્વ કરતા 500થી વધુ નાના સુપર હીરો અને શિક્ષણવિદોને એકઠા કરીને 40થી વધુ સ્થાનિક ઉપાયોને 14 સસ્ટેઈનેબલ ગોલ્સ સાથે જોડી રહ્યા છે. દેશ- વિદેશના નિષ્ણાતો અને કલાકારોના માસ્ટર ક્લાસિસ દ્વારા વર્કશોપ્સ અને કાર્યક્રમો થકી બાળકોને ક્ષમતા બહાર લાવવા પ્રયાસ કરાઈ રહ્યો છે.